**પાટણ** નગરે પૂર્ણીકૃતા. પ.સં.૨૮-૧૯, પ.ક્ર.૨૮, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૩: ૩૬૭/૨૦૭૬.

[જૈહાપ્રોસ્ટા પૃ.૯૮-૯૯.]

**૧૦૩૧. જિનચંદ્રસૂરિ** (ખ. જિનરાજસૂરિ-જિનરત્નસૂરિશિ.)

[જુઓ આ પૂર્વે પૃ.૪૪. જિનચંદ્રસૂરિ સૂરિપદ સં.૧૭૧૧ સ્વ. સં.૧૭૬૩.]

**(૪૨૨૨) ગોડી પાર્શ્વનાથ સ્તવન** ર.સં.૧૭૨૨ વૈ.વ.૮

**આદિ–** રાગ કેદાર ગઉડી મિશ્ર.

અમલ કમલ જિમ ધવલ વિરાજઇ ગાજઇ **ગઉડી પાસ**
સેવા સારઇ જેહની સુરનર મન ધરીય ઉલ્હાસ
સોભાગી સાહિબા મેરા બે અરે હાં સુગ્યાંણી સાહિબા મેરા બે. ૧

**અંત –** સંવત **સતરઇ સે બાવીસઇ** વદિ વઇશાખ વખાંણ
આઠમ દિન ભલઇ ભાવ સું મ્હારી યાત્ર ચઢી **પરમાંણ**. ૮ સો.
સાંનિધકારી વિઘન નિવારી પર-ઉપગારી **પાસ**
શ્રી **જિનચંદ્ર** જુહારતાં મેરી સફલ ફલી સહુ આસ. ૯ સો.

—ઇતિશ્રી ગઉડી પાર્શ્વનાથ સ્તવનં.

(૧) સ્તવનસંગ્રહ, પ.સં.૩૫-૧૫, પ.ક્ર.૮થી ૯, પ્રુ.સ્ટે.લા. નં. ૧૮૯૪.૪૨૦/૨૧૧૪.

[જૈહાપ્રોસ્ટા પૃ.૨૮૮.]

**૧૨૦૨. અજ્ઞાત**

**(૪૨૨૩) આદિનાથ સ્તુતિ** ૪ કડી લ.સં.૧૭૪૫ પહેલાં

**આદિ –** આદિ પૂરબ વાર નવાણું **આદિ** જિનેશ્વર આયાજી
**સેત્રુંજ** લાખ અનંતા જાણી વંદું તેહના પાયાજી
જગબંધવ જગતારણુ એ ગિરિ દીઠઇ દુરિગતિ વારિજી
યાત્ર કરિનિ છહિરી પાલિ કામ તેહનાં સારિજી. ૧

**અંત –** સયલ મનોરથ સંઘનાં પૂરવિ વંછિત સમકિત ધારિજી
વિમલ શ્રી જગવંતા સબલિ સકતિ તુમ્હારીજી
દેયો દેવ **સેત્તુંજ** સવા કારિજિ સિદ્ધિ અમ્હારિજી. ૪

—ઇતિ શ્રી આદિનાથસ્તુતિ સંપૂર્ણ.

(૧) સં.૧૭૪૫ વર્ષે આસો સુદિ ૧૧ દિન વાર બુધ શ્રી કુંડ ગ્રામે

લિપિકૃતં. પ.સં.૩-૧૫, પ.ક્ર.૩, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૨૩૦/૧૬૯૭.
[જૈહાપ્રોસ્ટા પૃ.૨૫૩.]

**૧૦૫૩. શ્રીદેવ** (જ્ઞાનચંદશિ.)
[જુઓ આ પૂર્વે પૃ.૭૫.]

**(૪૨૨૪) [ઉપદેશ ગીત]** ૮ કડી
**આદિ** – ઢાલ ઓલી મારુના ગીતની
સુણો સુમતી હો સુમતી ધરો મન માહિ સમકિત-રતન
જતન કરી સંગ્રહો
આરાધો આરાધો અરિહંત દેવ દોષ અઢાર અસુભ તિહાં નવિ લહો.૧
દાન લાભ નેહો વીરજ ભોગોપભોગ એ અંતરાય પંચ
પ્રભુ મઇ નહી
રિતિ અરિતિ નેહો હાસ દુગંછા સોગ કામ મિથ્યાત નિદ્રા
ભય નવિ સહી. ૨
**અંત** – મુનિ યોગ હો પાયો શ્રી જિનધર્મ કર્મમાં હરણ કારણ ગુણાં તણો
શિવસંપતિ હો પામો ઇમ વેગ **શ્રીદેવ** વચન વિવેકઇ સો સુણયો. ૮
(૧) પ.સં.૪-૧૫, પ.ક્ર.૩, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૭.૨૦૭/૨૬૮૩.

**(૪૨૨૫) [રાજલ ગીત]** ૮ કડી
**આદિ** – વનજારીના ગીતની ઢાલ.
ગોખ ચઢી **રાજલ** ઇમ આખે, દરદ હદે અવધારી રે. સહીયા
કંઈસઇ કરિ રાખુ મન મારી છયછબીલે છત્ર હુતઇ સો
છાડી ચલે નિહારી રે. સહી. ૧ એ આંકણી
**સમુદ્રવિજય શિવાદેવીય** નંદન સ્યામ શરીરકે ધારી રે. સહીયાં.
નવભવકે **નેમીશર** પ્યારે તબહીકી મે પ્યારી રે. સહીયાં. ૨
**અંત** – સ્વામી પે સંયમ લેવો શ્રી જિનધર્મ વિચારી રે. સ.
હુઈ સાધવી સતીયસિરોમણિ કામકષાય નિવારી રે. સ. ૭
કર્મ ખપાવી કેવલ પામી સિદ્ધિ આતમ તારી રે. સ.
શ્રી **જ્ઞાનચંદ** ગણીશર સેવક **શ્રીદેવ** તસ બલીહારી રે. સહીયાં. ૮
—સંપૂર્ણોંડયં.
(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૧થી ૨.

**(૪૨૨૬) [રાજિમતી રહનેમિ સજ્ઝાય]** ૭ કડી
**આદિ** – દેવર દુરિ ખડા રહો તેરા દિલ્લ ફિરેગા